# શુક્રગુઝારીની ચાલીસ હિકમતો

: લેખક :

અલ્લામા નસીરુદ્દીન 'નસીર' હુંઝાઇ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

ખાનાએ હિકમત–ઈદારાએ આરીફ



ᶜALLĀMAH
NAṢĪR AL-DĪN "NAṢĪR" HUNZĀ'Ī

# ہمارا شجرۂ کار



# શુક્રગુઝારીની ચાલીસ હિકમતો

લેખક

**અલ્લામા નસીરુદ્દીન હુંઝાઈ**

□

અનુવાદક

**અકબર હબીબ રાજન**

ISW
IS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

પ્રકાશક

**ખાનાએ હિકમત–ઈદારાએ આરીફ**

૩–A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,

કરાચી–૩.

# જ્ઞાનની હૈયાતનુ પાણી

ફતેહઅલી હબીબ – ખાનાએ હિક્મતના લાઈફ પ્રેસીડેન્ટ અને તેમના ફરીશતા સમા ધર્મ પત્ની બેગમ ગુલશકર – ખાનાએ હિકમતના એડવાઈઝર તથા તેમના ખુશનસીબ કુટુંબ મારફત જ્ઞાન અને હિકમતના તરસ્યાઓને જ્ઞાનની હૈયાતીનું પાણી (પીવડાવવામાં આવે છે).

ISWLS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for united humanity

# પ્રસ્તાવના

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

પ્રીય મિત્રો ! આવો આપણે સઘળા મળીને અલ્લાહતઆલાની અગણિત ન્યામતો માટે શુક્રગુઝારી અને દુઆ કરતાં કરતાં ઘણા બધા અશ્રુઓ વહાવીએ, એટલે સુધી કે આપણે ફનાની મંઝીલથી ખૂબ જ નજદિક થઇ જઇએ, કેમકે અલ્લાહ, રસૂલ અને સાહબે અમ્રના હીદાયત કરનાર નૂરે એટલાં મોઅજીઝા કર્યા છે અને એટલા મહાન ઉપકારો થયા છે કે તેની વિપૂલતા અને સુંદરતા તથા ગૌરવથી અજબ પ્રકારનો ડર લાગી રહ્યો છે.

પ્રીય સાથીઓ ! હું તમો સઘળા ઉપરથી સો સો વાર કુરબાન થઇ જાઉં ! આ તમારી પ્રેમભરી ગીરીયા વ ઝારી અને પવીત્ર અશ્રુઓ વહેવડાવવાની કિંમત હતી કે જેનાથી હું આપણાં વહાલા, જાનથી પણ પ્યારા (ઇમામે ઝમાન અ.સ.)ના શહેર અને મુકામ સુધી જઇ શક્યો, અલહમ્દોલિલ્લાહ ! આ નાચીઝ બંદાને જમાતના એવા એવા અમલદારો અને સભ્યોથી મુલાકાતનું સદ્દભાગ્ય સાંપડ્યું કે જેઓ ઇમામે ઝમાન અલૈહીસ્સલામના ખાસ નજદિક રાતદિવસ ખિદમત કરી રહ્યા છે. ખુદા એ હકીકતનો સાક્ષી છે કે હું એ જબરદસ્ત ખુશી અને આનંદવિભોર સ્થિતિ સામે હારીને બેહાલ થઇ રહ્યો હતો. મેં તે સદ્દભાગ્યવાળી આંખ્યુમાં રૂહાની માશુકના દીદારની કલ્પના કરી કે જે પાક પવીત્ર ઇમામના નૂરાની ચહેરાને વારંવાર નીરખતી રહે છે.

Institute for Spiritual Wisdom and Luminous Science

મારો એક બ્રુસેસ્કી ભાષાનો શેર છે

તરજુમો : "ઓ (મારા) મૌલા ! જો હું તારી આજુબાજુ, તારી ચારે તરફ ફરી શકવાનું (તવાફ કરવાનું) સદ્‌ભાગ્ય પ્રાપ્ત નથી કરી શક્તો તો મારા માટે એ વાત જરૂરી છે કે હું તે લોકોનો તવાફ કરૂં કે જેઓ તારા પ્રેમની શરાબથી મસ્ત અને ચૂર થઇ ગયા છે."

હઝરત ઈસાના વિષે કુરાનમાં એક દાખલો છે (વ જઅલુની મુબારગન ઐન મા કુન્તુ. ૧૯/૩૧)ને દૃષ્ટિ સમક્ષ રાખતાં અમો વિશ્વાસપૂર્વક એ કહી શકીએ છીએ કે સર્વસંપૂર્ણ માનવીનું બરકતવંતુ વ્યક્તિત્વ જ્યાં હોય ત્યાંથી હંમેશા અસંખ્ય જાહેરી અને બાતિની બરકતો ફેલાતી રહે છે, જેમ સૂર્ય પોતાના કેન્દ્રમાંથી હંમેશા એકધારી રીતે પ્રકાશ વિખેરે છે, તે જ રીતે ઉચ્ચ મુકામી ઈમામ (અ.સ.)ની પવીત્ર નૂરાનીયત, રૂહાનીયત અને વ્યક્તિત્વથી લાભ અને બરકતોનો ક્રમ ચાલતો રહે છે.

વહાલા મિત્રો ! તમારા માટે આ કોઇ નવી વાત નથી કે મનુષ્ય એક નાનું વિશ્વ છે એટલે કે દરેક માનવી તેની શક્તિ મુજબ એક વ્યક્તિગત જગત છે અને દરેક વ્યક્તિગત મનુષ્યમાં આકાશ અને ધરતીની સઘળી વસ્તુઓ મૌજૂદ છે પછી એ સિદ્ધાંતની આ સમજણ કેમ કરીને ખોટી થઇ શકે છે કે પ્રત્યેક માનવીની રૂહ જ્ઞાન (ઇલ્મ) અને ઈબાદતના મારફત વિશ્વવ્યાપી રૂહ (કાયનાતની રૂહે), મહાન રૂહ)માં ફના થઈને તેનાથી એક અને સર્વત્ર પથરાયેલી, સર્વમાં સમાયેલી થઇ શકે છે ?

પરીપૂર્ણ અક્લ (અક્લે કુલ)ના ફરીશ્તાના ઘણા બધા નામોમાંથી

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

એક નામ છે "હમ્દ" (વખાણ), એ મુજબ "અલહમ્દુલિલ્લાહીર્રબ્બીલ આલમીન"ની તાવીલ એ છે કે "અક્લે કુલનો ફરીશ્તો મહાન ખુદાતઆલાનો જ છે કે જેના મારફત તે પવીત્ર વ્યક્તિગત જગતોનું પાલન પોષણ કરે છે અને એ તેના ખાસ વખાણ છે.

કુરાનની સૂરા ૪૨મી (સૂરતે શુરા)ની આયત નંબર પાંચમાં કુરાનના કાયદા મુજબ એક મહાન હિકમત છુપાયેલી છે. જેનું તાવીલ મુજબનું અનુમાન એ છે કે "એમાં જરાયે છેટું નથી કે આકાશ ઉપરથી અલગ થઈને ફાટી પડે, અને ફરીશ્તાઓ પોતાના પરવરદીગારના અક્લે કુલની નૂરાનીયતમાં તસ્બીહ કરતા રહે છે અને (ધરતી પર રહેનારાઓ) જમીનવાળાઓના માટે માફી માંગે છે." "હમ્દ" શબ્દમાં આ તાવીલી હિકમત સમાયેલી છે. અહી એ પણ જણાઈ આવે છે કે મહાન ફરીશ્તાઓ અશક્ય (જે ન બની શકે) એવી વસ્તુ કે એવી બાબતના માટે દુઆ નથી કરતા અને ન તો તેઓ એવા ગુનેહગાર લોકોના માટે બક્ષીસ ની માંગણી કરે છે કે જેઓ માફીને લાયક નથી અને આ પરથી એ હકીકત સ્પષ્ટ થઇ કે અંતમાં (છેવટમાં) સર્વેને નજાત અને બહેશ્ત મળનાર છે, જો કે ઘણા લોકો કામચલાઉ રીતે એટલે કે થોડા વખતના માટે અજ્ઞાનતાની દોઝખમાં દાખલ થયેલા છે.

મહાન અને સર્વશક્તિમાન ખુદાનું ફરમાન છે (તરજુમો) "અને પૃથ્વી તેના માલિકના નૂરથી પ્રકાશીત થઇ જશે અને કરણીના લેખ (જે કાર્યો કર્યા હશે તેનું નામુ) સામે ધરવામાં આવશે (રાખી દેવામાં આવશે) અને નબીઓ (પયગમ્બરો) તથા સાક્ષીઓને હાજર કરવામાં આવશે..." ૩૯ : ૬૯, જો કે તે વ્યક્તિગત જગતની વ્યક્તિગત ક્યામત

હોય કે પછી જાહેરી જગતની એકત્રિત ક્યામત હોય, દરેક પ્રકારે એ સવાલ ઊભો થાય છે કે અહી પૃથ્વી (જમીન)થી શું હેતૂ છે ? આ પૃથ્વીનો ગ્રહ ? કે પછી તેમાં રહેનારાઓ ? જાહેરી ધરતીને (પૃથ્વીને) ભૌતિક પ્રકાશની જેટલી જરૂરત છે તે તો શરૂઆતથી જ મળેલ છે, તો શું આ કુરાનની ભવિષ્યવાણીનો એવો અર્થ તો નથી કે રૂહાનીયતના ઝમાનામાં સઘળા લોકો ઉપર નૂરાની જ્ઞાન–ઈલ્મની વર્ષા થનાર છે ? અને એ સવાલ જુદો છે કે શું એવા જબરદસ્ત જ્ઞાનની વર્ષા વ્યક્તિગત જગતમાં થશે કે જાહેરી જગતમાં ? કે પછી બનનેમાં ?

દરેક વ્યક્તિમાં સુક્ષ્મ અણુના સ્વરૂપમાં, સઘળું (અવ્વલ) જે વીતી ચૂક્યું છે અને (આખર) જે ભવિષ્યમાં આવનાર છે તે મૌજૂદ હોય છે, માટે જ્યારે કોઇ મોમીન ભક્ત ઉપર વ્યક્તિગત ક્યામત પસાર થાય છે ત્યારે તેને સઘળા પ્રાણીઓની ક્યામતનું પ્રતિનિધીત્વ ગણવામાં આવે છે અર્થાત વ્યતિગત ક્યામતમાં એકઠી ક્યામત છૂપી રીતે બની જાય છે અને બીજો મુદ્દો એ છે કે એ જ વ્યક્તિગત ક્યામત તે મોમીન બંદાની અને અન્ય સઘળાઓની કરણીનું પુસ્તક (આમાલ નામું) પણ છે.

કુરાનમાં પ્રત્યેક ઈલ્મી સવાલના માટે સંપૂર્ણ જવાબ મૌજૂદ છે, દાખલા તરીકે એ સવાલ થાય કે બહેશ્તમાં, ત્યાંના રહેનારાઓના માટે શું શું વસ્તુઓ અર્થાત ન્યામતો છે ? તેનો જવાબ અસંખ્ય પવીત્ર આયતો દ્વારા મળી શકે છે અને તેમાંથી એક આ છે. "લહુમ્મા યશ આઉન ફીહા વ લદઈના મઝીદુન" ૫૦ : ૩૫.

તરજુમો : તેમને બહેશ્તમાં સર્વ કાંઇ મળશે જે જે ઇચ્છશે,



ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

અને અમારી પાસે તે કરતાંયે વધારે છે.

હવે ધારી લો કે એક મોમન જન્નતમાં છે અને તે ઇચ્છે છે કે તેનો અંત હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની સાથે થાય કે જેથી તે હુઝુરે અનવર સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમની મેઅરાજ અને અતીશય મહાન ભેદોનું અવલોકન કરી શકે, તો ચોક્કસપણે તે મોમનને એ અતી ઘણી મોટી ન્યામત મળશે, કેમકે "દરેકમાં સઘળા"ના સિદ્ધાંત મુજબ રહેમતે આલમ સલ્લમ (પયગમ્બર સાહેબ)માં સઘળા લોકો મૌજૂદ હતા, અને અલ્લાહતઆલાનો એ પણ કાયદો છે કે પ્રત્યેક માનવીને મરજીથી કે મરજી વિરૂદ્ધ (ખુશીથી કે નારાજગીથી) માથું ઝુકાવીને તેની તરફ પાછા જવું છે (૩ : ૮૩) અને ખુદાની તરફ પાછા જવું સીરાતે મુસ્તકીમ (પયંગમ્બર અને ઇમામ) થકી જ શક્ય છે અને સાચા દીનનો એ રસ્તો મેઅરાજ સુધી જાય છે.

મારાં રૂહાની ભાઇઓ અને બહેનો ! મારી જાણમાં છે કે તમો સઘળાં રૂહાની પ્રગતીને જાન અને દિલથી ઇચ્છો છો (ચાહો છો) અને તે માટે પ્રયત્નો પણ ચાલુ છે તેમ છતાં મારી સલાહ એ છે કે તમો ઊચ્ચ પ્રકારની રૂહાની પ્રગતીના માટે સામાન્ય અને ખાસ ઇબાદતની સાથે સાથે ઇલ્મુલ યકીન એટલે કે વિશ્વાસમય જ્ઞાનથી પણ કામ લ્યો, કેમકે હકીકી જ્ઞાનના વગર એકલી ઇબાદતથી કોઇ ખાસ રૂહાની પ્રગતી નથી થઇ શકતી.

"શુક્રગુઝારીની ચાલીસ હિકમતો"નો આ લેખ (આ નિબંધ) સામાન્ય રીતે દરેકના માટે છે અને ખાસ કરીને તેમના માટે છે,

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

જેમની રૂહોની દુઆઓ અને યાદો મારાં દીલને અને મગજને દરેક વેળાએ તાજું (સ્ફુર્તિમય) રાખતા રહે છે, એ વ્હાલા મિત્રોની મહાન અને ઊચ્ચ ઊમેદોના શા વખાણ કરૂં કે જે મોનોરીયાલીટી (એક હકીકત) ઉપર વિશ્વાસ રાખે છે. આપણે સઘળાં પ્રેમ અને મહોબ્બતની સાથે તે પાક પવીત્ર હસ્તી ઉપર કુરબાન થઇ જઇએ કે જેમણે તેમની સંપૂર્ણ ઉદારતાથી અમને આ ક્રાંતિકારી કલ્પના અર્પણ કરી. અલહમ્દોલિલ્લાહ.

**સૌથી નમ્ર સેવક**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

**લંડન ૯–૭–૧૯૯૩**

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# શુક્રગુઝારીની ચાલીસ હિકમતો

**હિકમત–૧** અલહમ્દોલિલ્લાહ આપણે ઈસમાલીઓ હઝરત આદમના વખતથી ક્યામત સુધી નૂરે ઈમામતના હાજર અને મૌજૂદ હોવામાં માનીએ છીએ અને આ માન્યતા આપણા માટે અલ્લાહતઆલાની બહુ જ મોટી ભેટ છે (ઈનામ છે).

**હિકમત–૨** અલહમ્દોલિલ્લાહ, હઝરત પયગમ્બર સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વ સલ્લમના ફરમાન મુજબ અહેલે બૈત એટલે કે ઈમામે ઝમાન અલૈહીસ્સલામ આપણા માટે નુહની કીશ્તી (હઝરત નુહનું વહાણ) છે. એ જ કારણે આપણને અજ્ઞાનતા અને આડે રસ્તે ચડી જવાના તોફાનથી છુટકારો મળેલ છે.

**હિકમત–૩** અલહમ્દોલિલ્લાહ, કુરાનમાં જે રીતે હઝરત ઈબ્રાહીમની આલના વખાણ કરવામાં આવ્યા છે (૪ : ૫૪) તે હવે હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ની આલ એટલે કે વખતના ઈમામ (હાઝર ઈમામ)ના વખાણ છે. એ જ અર્થમાં આપણા ઉપર શુક્ર કરવું વાજબ છે કે આપણે કુરાનની હિકમતના ખજાનાથી જોડાયેલાં છીએ.

**હિકમત–૪** અલહમ્દોલિલ્લાહ, મૌલા અલી (અ.સ.) હઝરત હારૂનના સમાન હતા, અને ઈમામે ઝમાનમાં હઝરત અલી (અ.સ.)નું નૂર મૌજૂદ છે.

**હિકમત–૫** અલહમ્દોલિલ્લાહ, ઈસ્લામ મઝહબ હઝરત નબી સાહેબ (સ.અ.સ.) ઉપર આવીને સંપૂર્ણ થયો અને આપ નામદાર

(સ.અ.સ.)ના સાચા વારસદારો (પવીત્ર ઈમામો)ને કારણે મઝહબની એ સંપૂર્ણતા તેની જગ્યાએ ચાલી રહેલી છે અને જે ન્યામત સંપૂર્ણતાના દરજજા સુધી પહોંચી હતી તે પણ મૌજૂદ છે.

**હિકમત–૬** અલહમ્દોલિલ્લાહ, આપણે મુસલમાન છીએ. હઝરત મહમદ રસુલુલ્લાહ (સ.અ.સ.) અને હઝરત અલી મુર્તઝા (અ.સ.) ઉપર જાન ન્યોચ્છાવર કરનાર, દોસ્તદાર અને શાહ કરીમ અલ હુસૈની હાઝર ઈમામના વફાદાર મુરીદ છીએ અને આ અમારૂં મોટું અનંત સદ્‌ભાગ્ય છે.

**હિકમત–૭** અલહમ્દોલિલ્લાહ, મોમીન હંમેશા જીવંત રહેવાને માટે પેદા કરવામાં આવ્યો છે અને તેનો દુનિયામાં આવવાનો હેતૂ મારફત (ખુદાની ઓળખ) છે કે જેથી તે છેવટના હેતૂ તરીકે ગંજે મખ્ફી એટલે કે છૂપા ખજાનાને પ્રાપ્ત કરી શકે.

**હિકમત–૮** અલહમ્દોલિલ્લાહ, દરેક મોમન પુરુષ અને મોમન સ્રીના રૂહ અને રૂહાનીયતમાં જાહેરી બ્રહ્માંડની જેમ એક બ્રહ્માંડ છુપાયેલું છે જેમાં બહેશ્તની વ્યક્તિગત સલ્તનત (બાદશાહી) મૌજૂદ છે, અને તે કઇ ન્યામત છે જે ત્યાં મૌજૂદ ન હોય.

**હિકમત–૯** અલહમ્દોલિલ્લાહ, દીન–મઝહબના જાહેર અને બાતિનમાં ખુદાની ન્યામતો એટલી વધારે પડતી છે કે જેને આપણે ગણી નથી શક્તા અને ન તો તેનો જેવો હોવો જોઇએ તેવો આભાર માની શકીએ છીએ. માટે બહેતર એ છે કે આપણે આપણી નબળાઈઓનો સ્વીકાર કરીએ અને થોડાં અશ્રુ વહાવીએ.

**હિકમત–૧૦** અલહમ્દોલિલ્લાહ, નૂરે ઈમામતનો ક્રમ (વંશપરંપરાગત

ચાલવું) ખુદાની રસ્સી છે, જેને આપણે ઈસ્માઈલીઓએ મજબૂતીથી પકડી રાખેલ છે અને આ અમલ એવો મૂળભૂત (પાયાનો) અને જરૂરી છે કે તેમાં સઘળા સિદ્ધાંતિક હુકમોને પૂરા કરવાની ક્રિયા છુપાયેલી છે.

**હિકમત–૧૧** અલહમ્દોલિલ્લાહ, તેની (ખુદાની) હિકમત ઘણી અજીબો ગરીબ (ચિત્ર–વિચિત્ર) છે. તે પોતાની વસ્તુઓને ન ફક્ત ફેલાવીને રાખે છે પરંતુ જ્યારે ઈચ્છે ત્યારે સંકેલી પણ લ્યે છે. જેમકે કુરાન ૧૧૪ સૂરાઓ ઉપર ફેલાયેલું છે અને ઉમ્મુલ કિતાબ (પુસ્તકની માતા એટલે કે સુરતુલ ફાતેહા)માં તે સંકેલાયેલું છે માટે સુરતુલ ફાતેહા પઢવાનો સવાબ પુરા કુરાન પઢવાની બરાબર છે.

**હિકમત–૧૨** અલહમ્દોલિલ્લાહ, કુરાનમાં ફરમાવેલું છે કે "જો તમો શુક્ર કરશો તો તમોને વધુ ન્યામતો આપીશ." ૧૪/૭. એમ પણ થઈ શકે છે કે શુક્રગુઝારીથી ન્યામતો ઉપર પ્રકાશ પડે અને તેની કદર અને મહાનતા વધી જાય જ્યારે કે નાશુક્રીથી ન્યામતો ઉપર અંધકાર છવાઈ જાય છે.

**હિકમત–૧૩** અલહમ્દોલિલ્લાહ, કુરાનનું પ્રતિનિધીત્વ કરતી આયતો જેમાં પૂરાં કુરાને પાકનો ખુલાસો વર્ણવેલો ગણાવવામાં આવેલ છે, જેમકે સુરહ યાસીનમાં ફરમાવેલું છે "અને અમોએ (અકલ અને જાન તથા જ્ઞાન અને હિકમતની) દરેક વસ્તુ ઈમામે ઝમાનમાં સમાવી દીધી છે." ૩૬/૧૨.

**હિકમત–૧૪** અલહમ્દોલિલ્લાહ, કુરાન હઝરત અલી (અ.સ.)ની સાથે છે અને હઝરત અલી (અ.સ.) કુરાનની સાથે છે જેનો અર્થ



ISW IS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

એમ થયો કે જ્યારે આપણે કુરાનમાં જઇએ છીએ (કુરાનનો અભ્યાસ કરીએ છીએ) તો હઝરત અલી (અ.સ.)નું નૂર પણ મળી જાય છે અને જ્યારે આપણે હઝરત અલી (અ.સ.)ને ઓળખીએ છીએ તો કુરાનની મારફત પણ મળી જાય છે.

**હિકમત-૧૫** અલહમ્દોલિલ્લાહ, બરહક એટલે કે સાચા ઈમામ નૂરના ઝરણાનું મૂળ છે. જો જાહેરી સૂર્યમાં સૂર્યમંડળની દરેક રચના (દરેક પ્રાણી) માટે સર્વ કંઇ છે તો પછી ખુદાના નૂરના જાહેર સ્વરૂપમાં કઇ વસ્તુની ઓછપ હોઇ શકે છે.

**હિકમત-૧૬** અલહમ્દોલિલ્લાહ, બાતિની ન્યામતોની મહાનતા અને બુઝુર્ગી તથા કદર-કિંમતની એ સ્થિતિ છે કે હિકમત વગર ન તો તેની ઓળખાણ થઇ શકે છે અને ન તો શુક્રગુઝારી, એ જ કારણ છે કે અલ્લાહતઆલાએ ફરમાવ્યું કે "અને અમોએ લુકમાનને હિકમત અર્પણ કરી દીધી (અને ફરમાવ્યું કે) અલ્લાહનો શુક્ર કરતા રહો (ઉપકાર માનતા રહો). ૩૧/૧૨.

**હિકમત-૧૭** અલહમ્દોલિલ્લાહ, રૂહાની સમુદ્ર પોતાના ટીપાંમાં સમાઇ શકે છે જ્યારે કે ભૌતિક સમુદ્ર ન તો ટીપાંમાં સમાઇ શકે છે કે ન તો તેની પાસે જઇ શકે છે.

**હિકમત-૧૮** અલહમ્દોલિલ્લાહ, આપણો મઝહબ શુભેચ્છાઓનો છે, આપણે ઈસ્લામ અને માનવતાની બહેતરી અને ભલાઇ ઇચ્છીએ છીએ કારણ કે આ માનવજાતિ જાણે કે ખુદાનું એક કુટુંબ છે માટે અલ્લાહને સૌથી વહાલાં અને પસંદ આવનાર માનવી તે છે કે જે તેના કુટુંબને વધારે ફાયદો પહોંચાડે અને તેના કુટુંબના સભ્યોને આનંદ આપે,

ખુશી આપે.

**હિકમત–૧૯** અલહમ્દોલિલ્લાહ, આપણા પવીત્ર મઝહબમાં શરીયત, તરીક્ત, હકીક્ત અને મારફતના ઊચ્ચ નમૂનાઓ મૌજૂદ છે.

**હિકમત–૨૦** અલહમ્દોલિલ્લાહ, ઈસ્લામ વિશ્વવ્યાપી મઝહબ છે. તેના નમૂનાઓ અને દલીલો ઈસમાઈલી મઝહબમાં મળે છે કારણ કે અહી છેવટમાં સૌની નજાત (મુક્તિ)ની કલ્પના મૌજૂદ છે અને તેથી જ સઘળા માનવીઓ માટે શુભેચ્છાની માગણી છે.

**હિકમત–૨૧** અલહમ્દોલિલ્લાહ, ઈમામે ઝમાનની જાહેરી અને બાતિની હિદાયતની વ્યવસ્થા અનુપમ અને લાજવાબ છે, જેના થકી આપણી ભાગ્યશાળી જમાત દીન અને દુનિયાની સફળતા અને ખ્યાતિ પ્રાપ્ત કરી રહી છે.

**હિકમત–૨૨** અલહમ્દોલિલ્લાહ, બરહક ઈમામે આપણા મહાન પીરોના મારફત આપણા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો કે તેવણે આપણને મારફતનું આબેહયાત (પવીત્ર પાણી) પીવડાવીને જીવતા કરી દીધા નહી તો અત્યાર પર્યંત આપણે મડદાં હતાં.

**હિકમત–૨૨** અલહમ્દોલિલ્લાહ, પાક અને પવીત્ર ઈમામે (અ.સ.) સદ્‌ભાગી ઈસમાઈલી જમાતની દીની અને દુન્યવી ખિદમતના માટે જેવી અને જેટલી શીસ્તબદ્ધ સંસ્થાઓ આપી છે તેવી અને તેટલી સંસ્થાઓ કોઈ અન્ય જમાતમાં નથી મળતી, ઈમામ (અ.સ.)ની સંસ્થાઓ દ્વારા ન ફક્ત જમાતને જ ફાયદો મળે છે પણ તેમાં અમલદારો અને સભ્યોનું ઘણું મોટું માન પણ છે (તેમની ઈઝઝત પણ થાય છે).

**હિકમત–૨૪ :** અલહમ્દોલિલ્લાહ, શારીરિક દુઃખો (તકલીફ) થોડા સમયની છે, રૂહાની રાહત દાયમી એટલે સદાય રહેનાર છે. દુનિયા થોડાં દિવસ છે આખરત અનંત છે અને ખુદાની રહેમત દરેક વસ્તુ ઉપર છવાયેલી છે.

**હિકમત–૨૫** અલહમ્દોલિલ્લાહ, દીનમાં સૌથી મોટી કળા (મોટો હુનર) આજીઝી એટલે કે નમ્રતા અને રહેમદીલી છે અને સૌથી મોટું વિજ્ઞાન (સાયન્સ) ગીરીયા વ ઝારી છે કારણ કે આ કાર્ય થકી દીલ અને જાનની પવીત્રતા થઇ જાય છે જેમાં અગણિત ફાયદાઓ છુપાયેલાં છે.

**હિકમત–૨૬** અલહમ્દોલિલ્લાહ, જેઓ નૂરના સાચા આશિક છે તેઓ નૂરાની ઇબાદતના માટે રાતના ઊઠે છે. તેઓ મનમાં કહે છે કે અમને અમારા વહાલા મહેબુબના દીદાર માટે જવું છે. તેમની રૂહાનીયતમાં રોજ બ રોજ પ્રગતી થતી જાય છે.

**હિકમત–૨૭** અલહમ્દોલિલ્લાહ, મૌલાના પવીત્ર ઇશ્કની બરક્તથી દરેક મુશ્કીલો આસાન થઇ જાય છે અને જેને આ હિકમત સભર ઇશ્ક નથી તેને દીનની દરેક વાતો ભારી લાગે છે: મોમનને ઇમામે ઝમાનના પવીત્ર ઇશ્કના માટે પીગળી જવું જોઇએ.

**હિકમત–૨૮** અલહમ્દોલિલ્લાહ, નૂરનું ઇશ્ક અસલમાં ખાસ મોમીનોના માટે જ છે. ખૂબ મોટી ખુશીની વાત છે કે જ્ઞાન અને ઇબાદતથી ઇશ્કનો અગ્ની વધુ તેજ, વધુ પ્રજવલિત થાય છે અને બીજાં સ્વરૂપમાં દરેક વખતે માશુકની સુંદરતા સામે આવે છે.

**હિકમત–૨૯** અલહમ્દોલિલ્લાહ, આપણે સઘળાં ઊચ્ચ મુકામી ઈમામના રૂહાની બાળકો છીએ અહીં ખૂબ વિચાર અને ફિકર કરવાથી જણાશે કે એ કેટલી મોટી મહેરબાની હોઇ શકે છે અને તેની સાથે એ પણ ઘણું જરૂરી છે કે આપણી જવાબદારીઓને સમજીએ.

**હિકમત–૩૦** અલહમ્દોલિલ્લાહ, દુઆને ઈબાદતના મગજનો દરજ્જો મળેલ છે જે લોકોને દુઆ પડવાની આજ્ઞા કરવામાં આવી છે તેમને ફરીશ્તાઓની ઈબાદત અર્પણ થયેલી છે કેમકે ફરીશ્તાઓ દુઆ અને ઝીકર કરતા રહે છે.

**હિકમત–૩૧** અલહમ્દોલિલ્લાહ, મહાન ઈમામના બે દરવાજાઓ છે, જાહેરી દરવાજો અને બાતિની દરવાજો કે જેથી છેટેના અને નજિકના મુરીદોના માટે હઝરત ઈમામ સુધી પહોંચવું શક્ય થઇ શકે.

**હિકમત–૩૨** અલહમ્દોલિલ્લાહ, ઈમામતના નૂરના ભેદોનો ભેદ એ છે કે ત્યાં નૂરાની ઈબાદતની આજ્ઞા આપવામાં આવે છે કે જેથી પવીત્ર રૂહોને ઈલ્મુલ અસ્મા એટલે નામોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**હિકમત–૩૩** અલહમ્દોલિલ્લાહ, મોમન રાહતમાં હોય કે દુ:ખ–તકલીફમાં દરેક વખતે ખુદાને ખૂબ વધારે યાદ કરે છે જેના થકી તેનું દીલ સંતોષી રહે છે, તેને એ હકીકત ખબર છે કે દરેક વેળાએ ખુદાવંદના ઝીકરમાં (યાદમાં) ગુંથાયેલા રહેવું છે.

**હિકમત–૩૪** અલહમ્દોલિલ્લાહ, મોમીનોની ઈબાદત અર્શે અઝીમ (ઉચ્ચત્તમ સ્થાન) સુધી પહોંચી જાય છે અને “કુન” (થઇ જા)ના શબ્દમાં ભળી જઇને (ફના થઇને) ઈલાહી ફરમાનની શક્તિ બની જાય છે અને તેનાથી પરિસ્થિતિની સુધારણા થઇ જાય છે.

**હિકમત–૩૫** અલહમ્દોલિલ્લાહ, ઇસ્માઇલી મઝહબની મૂળભૂત અને ચાવી રૂપી હિકમત એ છે કે દરેક વ્યક્તિ જમાતખાનાની હાજરીથી રૂહાની પ્રગતી કરે કેમકે જમાતખાનું ઘણી જ પવીત્ર અને બરકતવંતી જગ્યા છે.

**હિકમત–૩૬** અલહમ્દોલિલ્લાહ, જમાતખાનું નૂરનું કારખાનું છે જ્યાં ઝીકર અને ઇબાદતથી નૂર બને છે, ઇલ્મ–જ્ઞાન અને નસીહત (ઉપદેશ)થી નૂર બને છે, ઇમામે ઝમાનની મહોબ્બતથી નૂર બને છે, દરેક પ્રકારની નેકી અને ખિદમતથી નૂર બને છે, બોલ, બૈતુલખયાલ અને નકશથી નૂર બને છે.

**હિકમત–૩૭** અલહમ્દોલિલ્લાહ, જમાતખાનામાં ફરીશ્તાઓ અને નેક રૂહો નાઝીલ થાય છે કારણ કે ત્યાં પાક–પવીત્ર ઇમામનું નૂર મૌજૂદ છે. જે રીતે શમાની આજુબાજુ પરવાનાઓ હોય છે અને ફૂલો ઉપર પતંગીયાઓ બેસે છે તે જ રીતે ઇમામતના નૂરની સાથે હંમેશાં રૂહો અને મલાયકોનું લશ્કર મૌજૂદ રહે છે.

**હિકમત–૩૮** અલહમ્દોલિલ્લાહ, ઇમામે ઝમાન અલૈહિસ્સલામની પાસે જ્ઞાન અને હિકમતના ભંડારો મૌજૂદ છે જેથી દરેક મોમન બંદાની અક્લમંદી એ જ વાતમાં છે કે તે પોતાના વખતના ઇમામને રૂહાની રીતે ઓળખી લ્યે અને તેનાથી જ્ઞાન અને હિકમત મેળવે.

**હિકમત–૩૯** અલહમ્દોલિલ્લાહ, આપણે સઘળાની ઘણી મોટી ખુશનસીબી છે કે આપણે રૂહાની દોરના અસરમાં છીએ. હઝરત મૌલાના ઇમામ સુલતાન મુહમ્મદ શાહ અને મૌલાના શાહ કરીમ

અલ હુસૈની હાઝર ઈમામનો દૌર (સમય) રૂહાની અને નૂરાની જ્ઞાનનો સમય છે જેનાથી ફાયદો મેળવવામાં મોમીનની ખૂબ મહાન ખુશ નસીબી છે.

**હિકમત–૪૦** અલહમ્દોલિલ્લાહ, દરેક મોમન એ હકીકતને જાણે છે કે ઈસ્લામની અસલ ન્યામત કઈ છે ? અને તે એ માટે શુક્રગુઝાર પણ છે (ઉપકાર પણ માને છે) અને દુઆ છે કે પરવરદીગારે આલમ દીની ન્યામતોની ઓળખાણના માટે હિમ્મત અને તૌફીક અર્પણ કરે આમીન, યા રબ્બુલ આલમીન ! !

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

**લંડન ૨૯–૬–૧૯૯૩**

**ફ્રાન્સની મુસાફરીની યાદમાં**

અનુવાદ : ૭–૧–૧૯૯૪

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## અલ્લામા 'નસીર' હુંઝાઈનાં ગુજરાતી પુસ્તકો

(૧) ઈમામની ઓળખ (કુલ ત્રણ ભાગ)
(૨) યા અલી મદદ
(૩) કુરઆન અને નૂરે ઈમામત
(૪) કુરઆન અને રૂહાનીયત
(૫) નામ પાડવાનું જ્ઞાન
(૬) રૂહાનીયત અને સ્વપ્નાઓનો અભ્યાસ
(૭) બંદગી
(૮) સબૂતે ઈમામત
(૯) મેઅરાજે રૂહ
(૧૦) મા'રફતનાં મોતી (ભાગ ૧)
(૧૧) આઠ સવાલના જવાબ
(૧૨) બચ્ચાઓના ૬૦ સવાલ
(૧૩) ચાલીસ સવાલ
(૧૪) સો સવાલ (કુલ ચાર ભાગ)
(૧૫) હકીકી દિદાર
(૧૬) કુરઆને પાક ઈસ્મે આઝમમાં
(૧૭) ઈલ્મ ખજાનો (કુલ પાંચ ભાગ)

**: પ્રકાશક :**

**ખાનાએ હિકમત–ઈદારાએ 'આરિફ'**

